# સેકટરમાં રીંગ રોડને ડેવલપ કરવાની પેટર્ન માર્ગ સલામતી સામે જોખમી

**રીંગ રોડ પર માર્ગ વચાળે જ ડિવાઇડર ઉભુ કરી દેવાતા સાંકડા માર્ગ પર સેકટરોના આંતરિક વળાંક પર અકસ્માતો સર્જાય છે રોડ એન્જિયરીંગનો અભ્યાસ કર્યા વિના રીંગ રોડનુ આડેધડ કામ હાથ ધરાતા સેકટરવાસીઓમાં ઉગ્ર આક્રોશ**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં મુખ્યમાર્ગો સિકસલેન કરી દેવાયા બાદ સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં પણ ટ્રાફિકની અવરજવર વધતા રીંગ રોડના વાઈડનીંગનુ કામ હાથ ધરવામાં આવ્ય છે. સાંકડા રીંગ રોડ પર વચાળે જ ડીવાઈડર ખડકી દેવાતા ટ્રાફિકની અવરજવર માટે વધુ અડચણ ઉભી થઈ છે. જયારે રીંગ રોડ પરથી સેકટરોના આંતરિક વિસ્તારમાં જવાના વળાંક પાસે પણ જોખમી સ્થિતિ સર્જાય છે. સે-૨૨ માં હજુ પણ લાંબા સમયથી કામનો નિકાલ આવ્યો નથી જયારે હવે સે-૨૮ માં પણ આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે સ્થાનિકોએ માર્ગ વચાળે ડિવાઈડર મુકી માર્ગ સલામતી જોખમમાં મુકવાના આયોજન સામે પ્રબળ વિરોધ વ્યકત કર્યો છે.

ગાંધીનગરમાં મુખ્યમાર્ગોને સિકલલેન કરી દેવાયા છે. અલબત્ત શહેરના મોટાભાગના માર્ગો સિકસલેન છે. જયારે ગ માર્ગનુ કામ હજુ લાંબા સમયના અંતે પણ અધ્ધરતાલ છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર અન્ડર પાસનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે હાલ ગ માર્ગ પર અન્ડર પાસની કામગીરી પણ મંદ ગતિએ ચાલી રહી છે.

આ ઉપરાંત શહેરમાં પાણી તેમજ ગટરની નવી લાઇન નાંખવાની કામગીરી સંદર્ભે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે સેકટરવાસીઓ તોબા પોકારી ગયા છે. બીજીતરફ સેકટરોમાં ગત વરસાદી દિવસોના અંતે રોડ નેટવર્ક ઉબડ ખાબડ બન્યુ છે. ફુટપાથ પણ ચિથરેહાલ છે. આ દરમિયાન હાલ કોર્પોરેશન દ્વારા સેકટરોના રીંગ રોડના વાઈડનીંગનુ કામ હાથ ધરાયુ છે. જેમાં સે-૨૨ માં પણ હજુ લાંબા સમયના અંતે કામ પુર્ણ થયુ નથી જેના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે.

જયારે બીજીતરફ સે-૨૮ માં પણ કામ ચાલુ કરાયુ છે. આ દરમિયાન સાંકડા રીંગ રોડ પર તંત્ર દ્વારા પ્રથમ માર્ગ વચાળે ડિવાઈડર ઉભુ કરી દેવાતા સ્થાનિકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. એકબાજુ માર્ગના વાઈડનીંગનુ કામ ઝડપથી પુર્ણ કરવામાં તંત્ર ઉદાસીન છે. બીજીતરફ માર્ગ વચાળે મોટા ડિવાઈડરના લીધે આસપાસ વાહનોની અવરજવર માટે જગ્યા મળતી નથી જયારે રીંગ રોડ પર ડિવાઈડર હોવાના લીધે રીંગ રોડ પરથી સેકટરોમાં વળાંકના પોઈન્ટ પર અત્યંત જોખમી સ્થિતિ સર્જાય છે. સે-૨૨ માં રીંગ રોડ પર વાહન ચલાવાનુ જોખમી બન્યુ છે.

એકબાજુ માર્ગ સલામતીના નામે ભયજનક પરિબળોને ડામવા કોઈ પગલા લેવાતા નથી જયારે કરોડો રૂપિયાનો ખર્ચ કરીને પણ ટ્રાફિક સેન્સનો અભ્યાસ કર્યા વિના જ કામ શરૂ કરી દેવાતુ હોવાનો રોષ

● અનુસંધાન પાન-૭ પર



ચોમાસાના આગમન પહેલા ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. આકરી ગરમી સૌને હેરાન પરેશાન કરી રહી છે. વાદળોની અવરજવર વહેલી સવારે અને સાંજે જોવા મળે છે. પરંતુ બપોરે તો આકરો તડકો સહન કરવો જ પડે છે. કોઈ કામસર બપોરના સમયે બહાર નીકળેલા આ વડીલે પોતાની સાથે લીધેલા થેલાને જ માથે ઓઢી લઈ તડકાથી બચવાનો પ્રયાસ કર્યો હતો.

# ચિલોડા-સરખેજ માર્ગનો પ્રોજેકટ ડિસેમ્બરમાં પૂર્ણ થઈ જશે

**ચિલોડા સરખેજ વચ્ચેના ૪૪ કી મીના માર્ગને સિકસલેન બનાવવા સહીત રૂટમાં સાત ફ્લાય ઓવર એક એલિવેટેડ કોરિડોર તેમજ બે પેડેસ્ટ્રીયન અન્ડર પાસ અને ત્રણ વ્હીક્યુલર અન્ડર પાસ તૈયાર કરાયા : પ્રોજેકટનુ ૮૦ ટકા કામ પુર્ણ હવે છારોડી અન્ડર પાસનુ કામ શરૂ કરાશે**

ગાંધીનગર તા ૧

ચિલોડા સરખેજ હાઈવેનુ કામ આગામી ડિસેમ્બર મહીનામાં પુર્ણ કરી દેવાશે. અંદાજિત ૪૪ કી મી ના આ રૂટને સિકસલેન બનાવવા સહીત વિવિધ સાત ફલાય ઓવર તૈયાર કરી દેવાયા છે. આ ઉપરાત સોલા ભાગવતથી થલતેજ વચ્ચે એક કોરિડોર તૈયાર કરી દેવાયો છે. જયારે હવે ઈન્દ્રોડા પાર્ક તેમજ જ-૭ ના સર્કલ પાસે સિકસલેન બનાવાની કામગીરી થોડી બાકી છે જયારે છોરોડી પાસે વ્હીક્યુલર અન્ડર પાસ બનાવાનુ કામ પણ હવે હાથ ધરવામાં આવશે પ્રાજેકટને અનુલક્ષી મોટાભાગની અલબત્ત ૮૦ ટકા કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. અંદાજિત રૂ ૯૦૦ કરોડના આ પ્રોજેકટનુ કામ હવે આગામી ૬ મહીનામાં પુર્ણ થઈ જશે.

ચિલોડા સરખેજ હાઈવેના પ્રોજેકટનુ કામ હાલ પ્રગતિ હેઠળ છે. અલબત્ત ચિલોડા ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે જોડાયેલા આ મહત્વના ધોરીમાર્ગનુ કામ ૮૦ ટકા પુર્ણ કરી દેવાયુ છે. ચિલોડા સરખેજ વચ્ચેના અંદાજિત ૪૪ કી મીના આ માર્ગને સિકસલેન કરવા માટે કામ હાથ ધરવામાં આવ્યા બાદ કોરોના કાળમાં આ પ્રોજેકટની કામગીરી મંદ પડી ગઈ હતી જેના લીધે કામ પુર્ણ કરવામાં થોડો વિલંબ થયો છે. જો કે હાલ આ રૂટમાં સમાવિષ્ટ ફલાય ઓવર તેમજ રેલવે બ્રિજ અને એલિવેટેડ કોરિડોર સહીતની મહત્વની કામગીરી પુરી કરી દેવામાં આવી છે. ચિલોડા સરખેજ હાઈવે માર્ગ સિકસલેન બની ગયો છે. જયારે રૂટમાં એકાદ જ કી મીનુ કામ બાકી છે. જયારે આ રૂટમાં સાત ફલાય ઓવર તૈયાર કરાયા છે. જેમાં ગાંધીનગરમાં ઈન્ફોસીટી અને સરગાસણ તેમજ ઉવારસદ પાસે પણ ફલાય ઓવર પર હાલ વાહનો દોડતા થઈ ગયા છે. વૈષ્ણોદેવી અને પકવાન પાસે પણ ફલાય ઓવર તૈયાર કરી દેવાયો છે. ઉપરાંત એક એલીવેટેડ કોરીડોર પણ તૈયાર થઈ ગયો છે. સોલા ભાગવત થી થલતેજ વચ્ચે એલિવેટેડ કોરીડોરનુ પણ નિર્માણ કરાયુ છે. આ ઉપરાંત સે-૨ તેમજ અડાલજ પાસે બે પેડેસ્ટ્રીયન અન્ડર પાસ પણ બનાવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ચિલોડા સરખેજ રૂટના પ્રોજેકટ અન્વયે હવે છોરડી પાસે વ્હીકયુલર અન્ડર પાસ તૈયાર કરવાનુ કામ હાથ ધરાશે જેમાં તારાપુર અને ખોડીયાર જંકશન પાસે આ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે છારોડીને અનુલક્ષી હવે આ બોક્ષ પેટર્ન મુજબના અન્ડરપાસનુ કામ હાથ ધરાશે. ચિલોડા સરખેજ વચ્ચેના રૂટમાં સિકસલેન બનાવાની કામગીરી પણ ઈન્દ્રોડા પાર્ક અને જ -૭ પાસે થોડી બાકી છે જે પણ આગામી દિવસોમાં પુર્ણ કરી દેવાશે. આ સમગ્ર પ્રોજેકટ પાછળ રૂ ૯૧૩ કરોડનો ખર્ચ કરાયો છે. ચિલોડા સરખેજ માર્ગને

● અનુસંધાન પાન-૭ પર

# ૭ ગામ અને ૩ શહેરી વિસ્તાર વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તારો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં ૭ ગામ અને ૩ શહેરી વિસ્તારો વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તાર તરીકે જિલ્લા મેલેરીયા તંત્ર દ્વારા ઓળખી કાઢવામાં આવ્યા છે.

જિલ્લામાં શરૂ થયેલા મેલેરીયા વિરોધી માસની ઉજવણી અંતર્ગત આ વખતે પણ વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે તંત્રએ આખો રોડમેપ તૈયાર કરી દીધો છે. જિલ્લામાં હાલ વાહકજન્ય રોગચાળામાં છુટાછવાયા કેસો જરૂર દેખાયા હોવાનો એકરાર તંત્રના સૂત્રો કરી રહ્યા છે પરંતુ અમે અસરકારક કામગીરી દ્વારા રોગચાળાને વકરવા નહિ દઈએ તેવો પણ દાવો તંત્રએ કર્યો છે.

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના બે રાઉન્ડ થઈ ગયા છે અને આ સર્વેલન્સ દરમ્યાન જનજાગૃત્તિ અભિયાન મચ્છરને નાથવા માટેનું કર્યુ હતુ તેને સારો પ્રતિસાદ મળ્યો હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

મેલેરીયાના કેસો ઘટી રહ્યા છે પરંતુ ડેન્ગ્યુના કેસો વધી રહ્યા છે. જિલ્લામાં કલોલ શહેર અને કલોલ તાલુકાના ૩ જેટલા ગામો સંવેદનશીલ છે. માણસા અને દહેગામ પણ સંવેદનશીલ છે. આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના ૩ જેટલા ગામો સંવેદનશીલ છે. અગાઉના વર્ષની તુલનામાં ગત વર્ષે જે વિસ્તારોમાં કેસ વધુ નોંધાયા છે તેને ઓળખી અને સંવેદનશીલ વિસ્તાર તરીકે અમે ગણી કામગીરી કરી રહ્યા છીએ તેમ પણ આ સૂત્રોએ કહ્યું છે.

જિલ્લામાં આ માસની ઉજવણી દરમ્યાન એબેટની કામગીરી સઘન રીતે થાય તેમજ શહેરી વિસ્તારોમાં સપ્તાહના એક દિવસે ઔદ્યોગિક વિસ્તાર, કન્ટ્રકશન સાઈટ લેબર કોલોનીમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

પોરાનાશક કામગીરી માટે જ્યાં કાયમી તથા સીઝન દરમ્યાન પાણી ભરાઈ રહેતા હોય તેવા સ્થાનો શોધી કાઢવા અને બાયો લાર્વીસાઈડનો છંટકાવ કરી મચ્છરોની ઉત્પત્તિને નાથવા માટે જણાવવામાં આવ્યુ છે.

આ ઉપરાંત જિલ્લાભરમાં આ માસ દરમ્યાન વધુ શિબિરો અને ગુરૂ શિબિરો પણ કરવામાં આવનાર છે. પોરાભક્ષક માછલીઓ ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં મુકવામાં આવી રહી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી સ્પ્રેમુક્ત જિલ્લો થયો છે એ મોટો પુરાવો છે.

# પ્રતિકૂળ હવામાનને પગલે ખરીફ વાવણી મોડી પડશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આ વખતે જે ગરમીનો પ્રકોપ જોવા મળ્યો છે તેને પગલે પાક પેટર્નમાં બદલાવ થશે અને ખરીફ ઋતુની વાવણી મોડી થશે તેમ મનાઈ રહ્યુ છે.

માર્ચ મહિનાથી શરૂ થયેલી આકરી ગરમીના પગલે જમીનમાં ભેજનું તત્વ ઓછુ જોવા મળી રહ્યુ છે. જમીનમાં ભેજ જળવાઈ રહે અને ઓછા પાણીએ વધુ પાક ઉત્પાદન મેળવવા પર ખેડૂતો ધ્યાન કેન્દ્રીત કરશે તેમ મનાઈ રહ્યુ છે. સામાન્યતઃ મે ના છેલ્લા પખવાડિયાથી ખરીફનું વાવેતર શરૂ થઈ જતુ હોય છે પરંતુ ગરમીનો પારો જે હજુ નીચે નહિ આવતાં ખેડૂતો પણ ખરીફ ઋતુનું વાવેતર કરવામાં હિચકિચાટ અનુભવી રહ્યા છે. આ વખતે ખરીફ વાવેતર મોડુ શરૂ થશે પહેલો વરસાદ થયા પછી વાવેતરનો આરંભ થશે તેમ મનાઈ રહ્યું છે. મળતી વિગતો પ્રમાણે કપાસ, મગફળી તેમજ કઠોળ પાકોનું વાવેતર આ વખતે વધુ થશે આ ઉપરાંત રોકડિયા પાક તરીકે શાકભાજીનો વાવેતર વિસ્તાર વધે તેવી સંભાવનાઓ છે. જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૧ લાખ ૬૦ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં થતુ હોય છે. મૂંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર પણ આ વખતે વધશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લાનો ખેડૂત આકાશી ખેતી પર વધુ નિર્ભર છે અને જિલ્લામાં સિંચાઈની સુવિધાઓ સિમીત છે તેમજ ભૂતળના જળ જે રીતે ઊંડા ગયા છે તેને લઈ ખેડૂતને પાણી પિયત માટે મોંઘુ પડી રહ્યું છે. શ્રમિકોની પણ અછત જોવા મળી રહી છે. આ વખતે વાવણી મોડી થશે અને તેને પગલે રવિ સીઝનની વાવણી પણ મોડી થશે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

# આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના બે મહિના લંબાવાઈ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય : નગરજનો પાસેથી માળખાકીય સુવિધા-સગવડ માટે લેવાતા વિવિધ વેરા-કરમાં આ રાહતનો લાભ મળશે**

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરોમાં વસવાટ કરતા નાગરિકો-નગરજનો માટે આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે શરૂ કરેલી “આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર” યોજના જૂન અને જૂલાઈ એમ વધુ બે મહિના લંબાવવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ રાજ્યની નગરપાલિકાઓ દ્વારા નગરજનોને પૂરી પાડવામાં આવતી વિવિધ માળખાકીય સેવાઓના કર-વેરા જેમાં મિલ્કત વેરો, સામાન્ય પાણી વેરો, ખાસ પાણી વેરો, દિવાબત્તી (લાઈટ) વેરો, ગટર વેરો વગેરે વેરાઓની ચૂકવણીમાં નાગરિકોને સરળતા અને પ્રોત્સાહન આપવા આ નવતર અભિગમ અપનાવ્યો છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજના અન્વયે એવો નિર્ણય કર્યો છે કે, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ની વેરાની રકમ જો નાગરિકો તા. ૩૦-૬-૨૦૨૨ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરે તો તેમને ૭ ટકા વળતર આપવામાં આવશે. એટલું જ નહિ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ડિઝીટલ ઈન્ડીયાના સંકલ્પને વેગ આપવા ભૂપેન્દ્ર પટેલે એવો પણ નિર્ણય કર્યો છે કે, આવી વેરાની રકમ મોબાઈલ એપ કે ઈ-નગરના ઓનલાઈન પોર્ટલ મારફતે તા. ૩૦ જૂન-૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરનારા નાગરિકોને વધારાનું ૫ ટકા વળતર અપાશે. એટલે કે, ડિઝીટલ ટ્રાન્ઝેકશન કરનારા નાગરિકોને કુલ ૧૨ ટકા વળતરનો લાભ મળશે

આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના’નો લાભ નગરોના વધુ નાગરિકો લઈ શકે તેવો ઉદાત્ત અભિગમ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાખવ્યો છે. તદઅનુસાર, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની વેરાની રકમ તા. ૧ જુલાઈ-૨૦૨૨ થી તા.૩૧ જુલાઈ-૨૦૨૨ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરનારા નાગરિકોને પાંચ ટકા વળતર મળવાપાત્ર થશે

આ જ સમયગાળા દરમ્યાન ઈ-નગર મોબાઈલ એપ કે ઈ-નગરના ઓનલાઈન સિટીઝન પોર્ટલ મારફતે વેરાની રકમ ભરનારા લોકોને વધુ પાંચ ટકા વળતર મળવાપાત્ર રહેશે.

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે. ગામ રાયસણની સીમમાં આવેલ બ્લોક / સરવે નં. ૮૪, ટી.પી. સ્કીમ નં. ૧૯ના ફા. પ્લોટ નં. ૭૦ની ૫૧૯૫ ચો.મી. ક્ષેત્રફળવાળી બીનખેતીના રહેણાંકના હેતુ માટે શરતફેર થયેલ જમીનમાં બંધાયેલ કુલ-૨૬ મકાનો કે જે જૈનમ બંગ્લોઝ નામથી ઓળખાય છે. તે મકાનો પૈકી મકાન નં. ૦૯, જેનો પ્લોટ એરીયા ૧૨૭.૨૬ ચો.મી. મીટર તથા તે ઉપર બાંધેલ ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર તેમજ સેકન્ડ ફ્લોરનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૧૯૭.૨૭ ચો.મી. વાળી રહેણાંક મિલકત અમારા અસીલ અકુલ પિયુષકુમાર દવે, રહે. આવાસ રીવરફ્રન્ટ, ધોળેશ્વર રોડ, રાંદેસણ, ગાંધીનગર નાએ મૂળ માલિક મિનલ જગદીશકુમાર પટેલ તથા સૂર્યકાન્ત જગદીશકુમાર પટેલ, રહે. જામળા, તા. કલોલ, જી. ગાંધીનગર પાસેથી જરૂરી અવેજ ચૂકવી વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. આથી લાગતા વળગતા તમામ ત્રાહિત વ્યક્તિ, સંસ્થા, મંડળી કે બેંકનો સદરહુ મિલકતમાં હક્ક, હિત, હિસ્સો, બોજો, અલાખો કે લિયન તેમજ ખોરાકી, પોષાકીના હક્કો સમાયેલા હોય તેમજ વ્યાજૂકી કે બીનવ્યાજૂકી લોન આપી મોરગેજ કરેલ હોય કે અવલજામીમાં મૂકેલ હોય તો દિન-૭માં પુરાવા સહ અમોને લેખિતમાં જાણ કરવી. જેમ કરવામાં કસૂર થયેથી આવા તમામ હક્કો જતા (વેઈવ) કરેલ છે. તેમ માંની અમારા અસીલને સદરહુ મિલકત લગત ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટ ઈસ્યૂ કરવામાં આવશે. ત્યારબાદ કોઈનાં કાઈપણ પ્રકારના વાંધા તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અમારી મારફત**
**સહી/-**
**ત્રિવેદી એસોસીયેટ્સ,**
**ડો. અશ્વિન વાસુદેવ ત્રિવેદી**
**એડવોકેટ & સ્પે. પી.પી.**
એ-૩૦૭ થી ૩૧૧, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, કુડાસણ,
ગાંધીનગર. મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧

# શહેરમાં સમાવિષ્ટ રાંદેસણમાં કોરોનાનો એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો કેસ છેલ્લા બે દિવસથી નોંધાયો નથી. શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તે ચોથી લ્હેરની આગજ હોય તેવી ચર્ચા લોકજીભે જાગી છે. બીજી અને ત્રીજી લ્હેરના પ્રારંભમાં છુટા છવાયા કેસો જ મળતા હતા પાછળથી તેની ગતિ વધી હતી. શહેરમાં છુટાછવાયા કેસો મળતાં તંત્રમાં પણ ચિંતાનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.

શહેરમાં આજે સમાવિષ્ટ રાંદેસણ ગામમાંથી આ કેસ મળ્યો છે. રાદેસણ ગામની ૧૬ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ યુવતી ટ્રેકિંગ માટે સિમલા-મનાલી ગઈ હતી ત્યાંથી ૫ દિવસ પહેલાં જ પરત ફરી છે. તેને તાવ અને અન્ય લક્ષણો દેખાતાં કોરોના ટેસ્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જો કે કોરોનાના હળવા લક્ષણો જણાતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સૂચવ્યો હતો જે તંત્રએ મંજૂર રાખ્યો છે.

મોટાભાગના દર્દીઓમાં બહાર જઈને પરત ફરતાં કોરોનામાં સપડાયાની વિગતો બહાર આવી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

રાજ્યમાં પણ જે રીતે કોરોનાના કેસો દેખાઈ રહ્યા છે તેમજ ગાંધીનગર અને અમદાવાદ ટ્વીન સીટી તરીકે ડેવલપ થઈ રહ્યા છે ત્યારે અમદાવાદમાં જે રીતે કોરોનાના કેસો સામે આવી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં સતત હોમ આઈસોલેશનનો વિકલ્પ દર્દીઓ લઈ રહ્યા હોવાથી તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં હાલ એક્ટીવ કેસની સંખ્યા વધીને ૨૩ પર પહોંચી છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

## આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે

# જિલ્લાની ૫૦૧ શાળાઓમાં ભારત માતાનુ પૂજન કરાશે

**આગામી તા ૧ ઓગષ્ટના રોજ કાર્યક્રમના આયોજનને અનુલક્ષી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી : વિવિધ સમિતિની રચના : શિક્ષકો વિદ્યાર્થીઓ તેમજ નિવૃત શિક્ષકો અને સમાજના આગેવાનો પણ સહયોગ લેવાશે**

ગાંધીનગર તા ૧

આઝાદીના અમૃત મહોતસ્વના પર્વની ઉજવણી અન્વયે અનેકવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીને અનુલક્ષી ગાંધીનગર જિલ્લામાં પણ નવતર કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. જેમાં જિલ્લાની અંદાજિત ૫૦૦ શાળાઓમાં ભારત માતાના પુજનનો અનોખો કાર્યક્રમ યોજાશે. જયારે શાળામાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિવૃત શિક્ષકો તેમજ સમાજના આગેવાનો અને વિદ્યાર્થીઓનો પણ સહયોગ લેવાશે. શાળાઓમાં પુજનના આ કાર્યક્રમ માટે અત્યાર થી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

દેશના સ્વતંત્ર થયાને ૭૫ વર્ષ થયા જેને અનુલક્ષી આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરવાનુ આયોજન કરાયુ છે. ગાંધીનગર જિલ્લામાં પણ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીને ધ્યાનમાં રાખી અનેકવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવનાર છે. જે અન્વયે આગામી તા ૧ ઓગષ્ટના રોજ ગાંધીનગર જિલ્લાની ૫૦૧ શાળાઓમાં ભારત માતાના પુજનનો કાર્યક્રમ યોજવામાં આવશે. જયારે આ આયોજનને અનુલક્ષી હાલ જિલ્લા , તાલુકા અને સ્થાનિક કક્ષાએ સમિતિની પણ રચના કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેમાં નિવૃત શિક્ષકોનો પણ સહકાર લેવાશે. સ્વતંત્રતાના અમૃત મહોત્સવની ઉજવણીનુ આયોજન અખિલ ભારતીય રાષ્ટ્રીય શિક્ષણ સંઘ દ્વારા કરવામાં આવી રહ્યુ છે. જયારે આ કાર્યક્રમના આયોજન અંગે સંઘના અધ્યક્ષના જણાંવ્યા મુજબ દેશની એક લાખ શાળામાં તેમજ ગુજરાતની ૨૧ હજાર શાળામાં આગામી તા ૧ ઓગષ્ટના રોજ ભારત માતાના પુજનનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા કક્ષાએ આ વિષય અંગે વિવિધ વ્યાખ્યાન પણ યોજવામાં આવશે. જિલ્લામાં આ આયોજનને સફળ બનાવવા માટે વિવિધ સમિતિની પણ રચના કરી

● અનુસંધાન પાન-૭ પર

શુભેચ્છા



કેશરીસિંહ બિહોલા
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
જન્મ તારીખ : ૨/૬/૧૯૫૨
માનવ સેવા એજ પ્રભુ સેવા
ગાંધીનગર શહેર વસાહત મહાસંઘને સતત ૩૧ વર્ષથી નેતૃત્વ પુરું પાડી જાગૃત રાખી સક્રિય નેતૃત્વ પુરું પાડી જીવંત રાખવામાં અમારા પ્રમુખશ્રી આદરણીયશ્રી કેશરીસિંહ બિહોલાના જન્મદિને શુભેચ્છાઓ....
રાજેન્દ્ર આર. પારેખ
મહામંત્રી, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
ઉપપ્રમુખ, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ
પ્રમુખ, સેક્ટર નંબર - ૨ વસાહત મંડળ

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com